## મિત્રો સાથે ગાડીમાં બેસીને દારૂ ઢીંચતો બુટલેગર ઝડપાયો

### એલસીબીની ટીમે મોડી સાંજે ગ-૫ સર્કલ પાસેથી ત્રણની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૦

શહેરના ગ-૫ સર્કલ પાસે સાઈડમાં પાર્ક થયેલી ગાડીમાં બેઠેલા ત્રણ શખ્સો પર પેટ્રોલીંગમાં નીકળેલ ગાંધીનગર એલસીબીની ટીમને શંકા જતા તપાસ કરી તો એક બુટલેગર તેના બે મિત્રો સાથે મળીને દારૂ ઢીંચીને બેઠો હતો. એલસીબી પોલીસે બુટલેગર સહિત ત્રણેયની ધરપકડ કરીને રૂ. ૩ લાખની કાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર એલસીબીની ટીમ ગઈ મોડી સાંજે પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ગ-૫ સર્કલ પાસે ઉભેલી એક ઈન્ડીકા વિસ્ટા કાર નં. જીજે-૧૮-બીબી-૪૨૫૩ શંકાસ્પદ જણાતા ટીમે તપાસ કરી હતી. ગાડીમાં દેખતા ત્રણ શખ્સો દારૂ ઢીંચીને બેઠેલા હોવાનું જણાતા ત્રણેય શખ્સોની ધરપકડ કરી પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે સેક્ટર-૪માં રહેતા ધર્મેન્દ્ર પરશુરામ સાધુ, રાકેશ વિરમ રબારી અને સંજય ગાંડા ભટ્ટ ત્રણેયની ધરપકડ કરી છે. ધર્મેન્દ્ર સાધુ નામના શખ્સના ઘરેથી અગાઉ મોટો દારૂનો જથ્થો પણ પકડાઈ ચુક્યો છે.

## આજે આનંદનો ગરબો સે-૫/બીમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૩/સીમાં મેલડી આનંદ ગરબા મંડળ આયોજિત આનંદનો ગરબો શ્રીમતી મધુબેન કાન્તિલાલ મકવાણા પ્લોટ નં. ૫૩૮/૧, સેક્ટર-૫/બી ખાતે તા. ૨૧મી માર્ચના રોજ શુક્રવારે ૨.૩૦ કલાકેથી ૫.૩૦ કલાક સુધી યોજાશે. ભકતોએ લાભ લેવા પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.

## રાજસ્થાન સમાજ દ્વારા હોલી ગૈરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

હોળી એ રાજસ્થાની લોકોનો મુખ્ય તહેવાર ગણાય છે ત્યારે ગાંધીનગર શહેરમાં વસતા રાજસ્થાની પરિવારો માટે હોળીની ગૈર (દાંડીયારાસ) યોજવામાં આવશે. તા. ૨૩ માર્ચ, રવિવાર, સાતમના દિવસે સાંજે ૫ થી ૮ કલાક સુધી સેક્ટર-૨૪ હોલસેલ શાકમાર્કેટ સામેના મેદાનમાં યોજાશે. રાસ-ગરબા કાર્યક્રમમાં રાજસ્થાની પરિવારો અને ગાંધીનગરના નગરજનોને પધારવા રાજસ્થાની વેપારી મિત્રમંડળ અને રાજસ્થાન સમાજ સેવા સમિતિએ જણાવ્યું છે.



ગરમીનું આગમન - ગાંધીનગર શહેરમાં બપોરે આકરો તાપ પડે છે... ગાંધીનગરવાસીઓ ઘરના આંગણામાં ગરમીથી રક્ષણ અને ઠંડક મેળવવા ખસની ટટ્ટી લગાવી છાંયડો મેળવે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## ચંદ્રાલા માર્ગ પર રીક્ષા પલટી ખાતા ઘવાયેલા યુવાનનું મૃત્યુ

### ૧૫ દિવસથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો

ગાંધીનગર, તા.૨૦

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતો યુવાન શૈલેષ રમણલાલ બ્રહ્મભટ્ટ તેના પરિવારને લઈને ચંદ્રાલા-ચિલોડા હાઈવે પરથી ૧૫ દિવસ પહેલા રિક્ષામાં જઈ રહ્યો હતો તે દરમિયાન અચાનક રિક્ષા પલ્ટી ખાઈ જતા તમામને ઈજાઓ થવા પામી હતી. શૈલેષને થયેલી ગંભીર ઈજાઓને પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૫ દિવસથી સારવાર હેઠળ હતો. તેનું આજે સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું છે. ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## તડીપારની મુદત પુરી થવાના બે દિવસ પહેલા ઘરે આવી ગયો હતો

## પાંચ જિલ્લામાંથી તડીપાર કરેલો બુટલેગર પોતાના ઘરેથી મળી આવ્યો

### ચિલોડા પોલીસે છ મહિના પહેલા પાંચ જિલ્લામાંથી તડી પાર કરી તેને ખેડા છોડયો હતો : તડીપાર હુકમના ભંગ કરવા બદલ ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા પોલીસે છ મહિના પહેલા ચિલોડાના એક બુટલેગરને તડીપાર કરી ખેડામાં છોડયો હતો. આ બુટલેગર તડીપાર હોવા છતાં ગાંધીનગર પાસે ચિલોડામાં તેના ઘરે આવી પહોંચ્યો હોવાની બાતમી મળતા ચિલોડા પોલીસે તેને ઘરેથી પકડી પાડયો છે અને તડીપારના હુકમનો ભંગ કરવા બદલ તેની સામે કાર્યવાહી કરી છે. નોંધનીય બાબત છે કે બે દિવસ પછી આ શખ્સની તડીપારની મુદત પુરી થવાની હતી તે પહેલા જ આ શખ્સ ઘરે આવી ગયો હતો અને પોલીસને ઝપટે ચઢી ગયો હતો.

દારૂના ગુનામાં અગાઉ પકડાઈ ચુકેલા બુટલેગર યોગેશસિંહ દોલતસિંહ ચૌહાણને પોલીસની દરખાસ્તને પગલે બુટલેગરને પાંચ જિલ્લામાંથી છ મહિના માટે તડીપાર કરવા હુકમ કર્યો હતો. ચિલોડા પોલીસ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૩એ ખેડા ખાતે આ શખ્સને મુકી આવી હતી. બે દિવસ બાદ તેની તડીપારી મુદત પુરી થવાની હતી પરંતુ તે પહેલા જ બુટલેગર ઘરે આવી ગયો અને પોલીસને જાણ થતા ઘરેથી ઉઠાવી લઈ તેની સામે તડીપારના હુકમનો ભંગ કરવા બદલ ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

## સે-૧૬માં રહેતા સાયન્સના વિદ્યાર્થીનો પોતાના ઘરે ગળે ફાંસો

### એસ.વાય.બી.એસ.સી.માં આવેલી એ.ટી.કે.ટી.થી હતાશ થઈ આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૧૬માં રહેતા અને એસ.વાય.બી.એસ.સી.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે કરેલી પ્રાથમિક તપાસમાં વિદ્યાર્થીને પરીક્ષામાં આવેલી એ.ટી.કે.ટી.ને કારણે તેણે અંતિમ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૧૬ ચ ટાઈપ બ્લોક નં. ૭૦/૪ ખાતે રહેતો ૨૦ વર્ષીય સાયન્સનો વિદ્યાર્થી કુલદીપ લક્ષ્મણભાઈ બરંડા એસ.વાય.બી.એસ.સી.માં અભ્યાસ કરતો હતો. પરીક્ષામાં કુલદીપને એટીકેટી આવી હતી પરંતુ સોલ્વ થતી ન હોવાથી હતાશ થઈ ગયો હતો. આજે સમી સાંજે પોતાના ઘરે તેણે ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. પોલીસને જાણ થતા સે-૨૧ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

## કારની ટક્કરે ઘવાયેલા કોલવડાના વૃદ્ધાનું સારવાર દરમ્યાન મૃત્યુ

### પીંપળજ રોડ પર બે અઠવાડિયે પહેલા વેગનઆર ગાડીના ચાલકે ટક્કર મારી હતી

ગાંધીનગર, તા. ૨૦

કોલવડા ગામના ૬૦ વર્ષિય વૃદ્ધા ગજરાબા રતનસિંહ વાઘેલા ૮મી માર્ચે પીંપળજ-પીંડરડા માર્ગ પર ચાલતા જઈ રહ્યા હતા તે દરમ્યાન એક વેગનઆર ગાડીના ચાલકે તેમને ટક્કર મારતા બેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. બે અઠવાડિયા સુધી હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા વૃદ્ધાનું આજે સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. પેથાપુર પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.



ગરમીના દિવસોમાં માથાને રક્ષણ આપવા રંગબેરંગી ટોપીઓ ગાંધીનગરના માર્ગો પર વેચાણ માટે ગોઠવાઈ છે... ખાસ કરીને ટુ-વ્હીલર્સવાળા આ પ્રકારની ટોપી પહેરવાનું પસંદ કરે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## જાતિ વિષયક અપશબ્દો બોલતા રબારી-ગોસ્વામી વચ્ચે લાકડીઓ ઉછળી

### રબારી યુવાને જાનથી મારી નાખવાની ધમકી આપી : સામ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર પાસેના ટીંટોડા ગામમાં આજ રોજ જાતિ વિષયક અપશબ્દો બોલતા રબારી અને ગોસ્વામી જૂથ વચ્ચે લાકડીઓ ઉછળવાની ઘટના બનવા પામી છે. ઘટનામાં રબારી અને ગોસ્વામી યુવાન સહિત ત્રણને સામાન્ય ઈજાઓ થતા સામ સામે પોલિસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આજ રોજ ગાંધીનગર જિલ્લાના ટીંટોડા ગામમાં રહેતા મફાભાઈ સાકાભાઈ રબારી અને ઈશ્વરભાઈ ભલાભાઈ રબારી બંને (રહે.કરશનપુરા) સવારે ૧૦ વાગે ગામની ભાગોળે ઉભા હતા. ત્યારે ગામમાં જ રહેતા ઈશ્વરભારતી ઉર્ફે ગડુ પરસોત્તમ ભારતી ગોસ્વામીએ જાતિ વિષયક અપશબ્દો બોલતા બંને વચ્ચે ધીંગાણું થવા પામ્યું હતું.

જાતિ વિષયક અપશબ્દો બોલતા બંને રબારી યુવાનો ગિન્નાયા હતા અને ઈશ્વર ગોસ્વામી પર તુટી પડયા હતા અને લમણા પર લાકડી ફટકારી હતી અને બીજાએ છુટ્ટા હાથથી મૂઢ માર માર્યો હતો. જેથી ઈશ્વર ગોસ્વામીને ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઈશ્વર ગોસ્વામીએ બંને રબારી યુવાનો વિરૂધ્ધ માર મારવાની અને મારી નાંખવાની ધમકી આપતા પોલિસ ફરિયાદ નોંધાવી છે. તેમજ જાતિ વિષયક અપશબ્દો બોલવાથી રબારી યુવાનોએ પણ ઈશ્વર ભારતી ગોસ્વામી સામે પોલિસ ફરિયાદ નોંધાવતા બંને વિરૂધ્ધ સામ-સામી ફરિયાદ થવા પામી છે. જેની તપાસ પેથાપુર પોલીસ દ્વારા તટસ્થ રીતે કરવામાં આવી રહી છે.

## શહેરના નિવૃત્ત અધિકારી પણ હવે બેંકના નામે ઠગતી ગેંગનો ભોગ બન્યા

### બીજા દિવસે ઓનલાઈન ખરીદીનો મેસેજ મળ્યો : ૪૪ હજારનો ચૂનો

ગાંધીનગર, તા. ૨૦

હું મુંબઈની એસ.બી.આઈ. શાખામાંથી બોલુ છુ. તમને કોઈપણ જાતના ચાર્જ વિના બેંક એ.ટી.એમ. રીન્યુ કરી આપવામાં આવે છે. તમારો એકાઉન્ટ નંબર અને પાસવર્ડ આપો તેમ કહી નગરના નિવૃત્ત કર્મચારીના રૂ. ૪૪,૦૦૦ ઉપાડી લેવાનો કિસ્સો બનવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ શહેરના રેવાભાઈ કલ્યાણદાસ પંચાલ રહે. પ્લોટ નં. ૩૬૧/૨, સેક્ટર-૩-બી નિવૃત્ત હિસાબી અધિકારી રોજગાર નિયામક કચેરી ખાતે પરિવાર સાથે વસવાટ કરે છે. તેમના મોબાઈલ પર ગઈ ૧૬મીની સાંજે અચાનક ફોન આવ્યો હતો. ફોન રીસીવ કરતા તેમને અવાજ સંભળાયો કે હું મુંબઈ એસ.બી.આઈ. શાખામાંથી રાહુલ શર્મા બોલુ છુ.

વાત સાંભળતા જ રેવાભાઈએ કહ્યું બોલો ત્યારે તેમને કહેવામાં આવ્યું કે તમારો બેંક એકાઉન્ટ નંબર અને પાસવર્ડ આપો. તમારૂ એ.ટી.એમ. કાર્ડ કોઈ પણ જાતના ચાર્જ વગર રીન્યુ કરી આપવામાં આવે છે. ત્યારે નંબર અને પાસવર્ડ આપતા બીજા દિવસે ૧૭મી સવારે ૪૪૦૦૦ ઉપડી ગયાનો મોબાઈલમાં મેસેજ મળ્યો હતો. મેસેજ મળતા જ રેવાભાઈના પગ તળેથી જમીન સરકી જવા પામી હતી. અને ખ્યાલ આવી ગયો કે રૂપિયાનો ચૂનો લાગી ગયો.

ભેજાબાજે રૂપિયા ૪૪૦૦૦ ની ઓનલાઈન ખરીદી કરી લીધી હતી. ઘટનાની જાણ આજરોજ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવતા પોલીસે સાયબર ક્રાઈમનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સી.આઈ.ડી. ક્રાઈમની સાયબર સેલ દ્વારા સાયબર ક્રાઈમમાં નાઈઝીરીયન ગેંગનો હાથ હોવાની શંકા સેવાઈ રહી છે.

શહેરમાં અગાઉ પણ સંખ્યાબંધ ગુના બનવા પામ્યા છે. ત્યારે શહેરના લોકોને જાગૃત થવાની જરૂર છે. અને કોઈને પમ અંગત જાણકારી આપવી નહિ. તેમજ અવાર-નવાર મોબાઈલ પર ફસાવાની લોભામણી જાહેરાતોથી દૂર રહેવું જોઈએ.

## દેશભરમાં ચૂંટણીનો માહોલ પરંતુ ગાંધીનગરમાં નગરજનો ઉદાસીન

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની સામાન્ય ચૂંટણીઓનો માહોલ ૨૪ કલાક ચાલતી ન્યુઝ ચેનલો અને અખબારોમાં બરાબર જામ્યો છે. ગાંધીનગરની બેઠક માટે લાલકૃષ્ણ અડવાણીનું નામ જાહેર થતા અડવાણીએ દર વખતની જેમ આ વખતે પણ તેમની નારાજગી દર્શાવી તેઓ ભોપાલથી ચૂંટણી લડવા માંગે છે. ચૂંટણીની આટલી બધી ઉથલપાથલ છતાં નગરજનોને જાણે ચૂંટણીમાં રસ ન હોય તેમ નિરૂત્સાહ જણાઈ રહ્યા છે. શહેરમાં ચાની કિટલીઓ અને પાનના ગલ્લે ચાલતી થોડી-ઘણી ચર્ચાઓ સિવાય ક્યાંય ચૂંટણીનો માહોલ જણાતો નથી.

પ્રજાના ચૂંટણી પ્રત્યેના નિરૂત્સાહપણા માટે રાજકીય નેતાઓની નકારાત્મક છબી અને હંમેશા ચૂંટણી સમયે કરાતી ટાંટીયા ખેંચ પણ એટલી જ જવાબદાર છે જેટલી વચનો આપીને ચૂંટણી જીતવાની અને ચૂંટણી જીત્યા પછી વચનો ભુલી જવાની ફિતરત. લાલકૃષ્ણ અડવાણી ભાજપના અને સાથે સાથે દેશના પણ મોટા નેતા છે પરંતુ ગાંધીનગર મત વિસ્તારમાં જીત્યા પછી તેમનું અહીં યોગદાન એટલુ ઓછુ રહ્યુ છે કે કેટલાક મતદાતાઓ તો એ પણ ભુલી જાય છે કે તેમના સાંસદ અડવાણી છે. ચૂંટણી સમયે છાપામાં નામ આવે ત્યારે એમને યાદ આવે છે કે આપણા મત વિસ્તારના સંસદસભ્ય બીજા કોઈ નહી પરંતુ લાલકૃષ્ણ અડવાણી જ છે. જે લોકો રોજ અપડાઉન કરે છે તેઓ સેકટરના પીકઅપ બસસ્ટેન્ડ પર સૌજન્યમાં લખેલુ એલ.કે. અડવાણીનું નામ વાંચ્યું હતુ એટલે યાદ હતુ તેવું જણાવી રહ્યા છે.

શહેરમાં એક તરફ બોર્ડની પરીક્ષાઓની મોસમ પૂરબહારમાં જામી છે. ગાંધીનગર હવે શિક્ષણનગરીની ઓળખ મેળવી ચુક્યુ હોવાથી સ્વાભાવિક રીતે જ પરીક્ષા પ્રત્યે ગંભીરતા લોકોને ચૂંટણી પ્રત્યે ઉદાસીન બનાવી રહી છે. એક તરફ અડવાણીની પોતાના જ મતવિસ્તાર પ્રત્યેની દુર્લક્ષતા છે તો બીજી તરફ હજુ કોંગ્રેસ તરફથી કોઈ ઉમેદવારની જાહેરાત કરાઈ નથી તેથી કોંગ્રેસી કાર્યકરોમાં પણ કોઈ ઉત્સાહનો સંચાર થયો નથી.

છેલ્લા કેટલાય સમયથી નરેન્દ્ર મોદી તેમના ચૂંટણી અભિયાનને કારણે દેશના વિવિધ ભાગોમાં ભ્રમણ કરી રહ્યા છે. જેના કારણે ગાંધીનગરમાં તેમની હાજરી ઓછી થવાથી અને ગાંધીનગરમાં હાજર નેતાઓમાં તેમના જેવી ચુંબકીય પ્રતિભાનો અભાવ હોવાથી પણ પ્રજામાં રાજકિય ઘટનાઓ પ્રત્યે ઠંડુ વલણ જોવા મળી રહ્યું છે. સ્થાનિક ધારાસભ્યો કે પ્રજાના પ્રતિનિધિઓની નબળી નેતાગીરી અને પ્રજાહિતના પ્રશ્નો પ્રત્યે સેવાઈ રહેલી ઉપેક્ષા લોકોમાં અવળી અસર પેદા કરી રહી છે. દર ચૂંટણી સમયે નેતાઓએ આપેલા પોકળ વચનોથી પ્રજા ત્રાહિમામ પોકારી રહી છે. તો બીજી તરફ જનતાના માથે મોંઘવારીનો મરણતોલ ફટકો પડ્યો છે. જેના કારણે પોતાના ઘરમાં બે છેડા ભેગા કરવામાં લોકોને ચૂંટણી અંગે વિચારવા સમય જ નથી મળતો. જે લોકો ચૂંટણી વિશે વિચારે છે તેઓને તો ખરેખર ચૂંટણીઓ આવવાની છે તે બાબત જાણીને પેટમાં ફાળ પડી હોય છે કે વળી ચૂંટણીઓ પછી ભાવોમાં કમરતોડ વધારો થશે.

એક સમયે ગાંધીનગરમાં અડવાણીની ઉમેદવારી સામે 'પહેલા પાણી પછી અડવાણી'ના સુત્રો પણ પોકારાયા હતા છતાં પણ જીત્યા પછી તેમના સમગ્ર કાર્યકાળ દરમ્યાન અડવાણીએ એક પણ વાર તેમના મત વિસ્તારની પ્રજાના હાલચાલ પૂછ્યા હોય કે તેમની સંસદસભ્ય તરીકેની ગ્રાન્ટમાંથી પીકઅપ સ્ટેન્ડ બનાવવા સીવાયના કાર્યો કરાયા હોય તેવું નગરવાસીઓને યાદ આવતુ નથી.

ચૂંટણી સમયે મત માંગવા ઉમટી પડતા નેતાઓથી ત્રસ્ત પ્રજાનો ચૂંટણી પ્રત્યેનો અણગમો લોકશાહી માટે ખૂબ જ ખતરનાક છે. કોંગ્રેસ કે અન્ય પક્ષોના પણ કોઈ નેતાઓમાં મતદાતાઓને કોઈ યોગ્ય ઉકેલ કે વિકલ્પ દેખાતો નથી. ગાંધીનગરના કોંગ્રેસીઓ અને અન્ય નેતાઓમાં પ્રજાને 'એકને ઉઠાડો અને બીજાને બેસાડો' થી વધારે કોઈ ફર્ક જણાતો નથી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૪૯

### તાપમાન

મહત્તમ : ૩૭.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૩૮ ટકા ● સાંજે ૧૫ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦
શાદી કે સાઈડ ઈફેકટસ : ૨.૪૦, ૮.૧૦
: સ્ક્રીન-૨ :
ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
: સ્ક્રીન-૪ :
બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૩૦, ૧૦.૦૦
બેવકૂફિયા : ૪.૦૦
: સ્ક્રીન-૨ :
ગેન્ગ ઓફ ગોસ્ટ : ૧૨.૪૫, ૭.૦૦
રાઈઝ ઑફ એન એમ્પાર : ૪.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૩.૩૦, ૭.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
રાગીની એમ.એમ.એસ.: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગેન્ગ ઑફ ગોસ્ટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
બેટલ ઑફ ધ ડીમાન્ડ : ૧૧.૦૦
ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૬.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦, ૯.૦૦

**સૂર્યા સિનેમા (વાવોલ)**

રજવાડી બાપુને રંગ છે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ચિરાગ સિનેમા(કલોલ)**

ગુલાબ ગેન્ગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે.

### ચિરવિદાય

- સ્વ. કિશોરભાઈ વીરજીભાઈ પાઠ (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૫૧૨/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.